# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-04-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

**આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.**

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું - ભારત વિશ્વના કોઈપણ ખૂણામાંથી આતંકવાદીઓને શોધી કડક સજા કરશે.

2) પહેલગામ આતંકવાદી હુમલા અંગે સર્વપક્ષીય બેઠક સંસદ ભવન સંકુલમાં ચાલી રહી છે.

3) પહેલગામમાં હુમલો કરનાર ત્રણ આતંકવાદીઓની માહિતી આપનારને 60 લાખ રૂપિયાનું ઇનામ જાહેર કરાયું.

4) કેન્દ્રીય આરોગ્ય મંત્રી, જે પી નડ્ડાએ વર્ષ 2025-26 માટે નવી દિલ્હીથી ઓરી-અછબડા નાબૂદી અભિયાનનો પ્રારંભ કરાવ્યો.

5) પ્રધાનમંત્રીએ કહ્યું કે વર્ષ 2030 સુધીમાં દેશના સ્ટીલ ઉત્પાદનને 30 કરોડ ટન સુધી વધારવાનો લક્ષ્ય.

6) IPL માં , રાજસ્થાન રોયલ્સે, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી.

........................................................................

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM BIHAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત દરેક આતંકવાદી અને તેમને ટેકો આપનારાઓને ઓળખશે અને શોધી કાઢશે અને પહેલગામ હુમલા માટે જવાબદાર લોકોને સજા કરશે. તેમણે કહ્યું કે આતંકવાદને બક્ષવામાં આવશે નહીં અને ભારત વિશ્વના કોઈપણ ખૂણામાંથી ગુનેગારોને શોધી કાઢશે.

(BYTE : PM ON TERROR)

રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે આજે બિહારના મધુબની જિલ્લામાં એક જાહેર સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે આતંકવાદથી દેશનો આત્મા ક્યારેય તૂટશે નહીં. પ્રધાનમંત્રીએ કહ્યું કે ન્યાય સુનિશ્ચિત કરવા માટે દરેક શક્ય પ્રયાસો કરવામાં આવશે અને સમગ્ર દેશ આ સંકલ્પ પર અડગ છે. તેમણે ભાર મૂક્યો કે માનવતામાં વિશ્વાસ રાખનાર દરેક વ્યક્તિ ભારતની સાથે ઉભો છે.

(BYTE : PM ON ANGER)

શ્રી મોદીએ ભારત સાથે એકતા દર્શાવવા બદલ વૈશ્વિક નેતાઓનો આભાર માન્યો. પોતાનું સંબોધન શરૂ કરતા પહેલા, પ્રધાનમંત્રીએ પહેલગામ આતંકવાદી હુમલામાં જીવ ગુમાવનારાઓને શ્રદ્ધાંજલિ આપવા માટે મૌન પાળ્યું.

આ પહેલા, શ્રી મોદીએ આજે મધુબનીથી ૧૩ હજાર ૪૮૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસકામોનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો હતો. આ પ્રસંગે તેમણે ૮૭૦ કરોડ રૂપિયાના રેલવે પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું અને ચાર ટ્રેનોને લીલી ઝંડી આપી.

આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ બિહાર, ઓડિશા, કેરળ, તેલંગાણા અને આસામના પ્રતિનિધિઓને વિવિધ શ્રેણીઓમાં રાષ્ટ્રીય પંચાયત પુરસ્કારો-2025 અર્પણ કર્યા.

# Pahalgam all party meeting

પહેલગામ આતંકવાદી હુમલા પર સરકાર દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠક નવી દિલ્હીના સંસદ ભવન સંકુલમાં ચાલી રહી છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આ બેઠકની અધ્યક્ષતા કરી રહ્યા છે. ગૃહમંત્રી અમિત શાહ, વિદેશ મંત્રી એસ જયશંકર, નાણામંત્રી નિર્મલા સીતારમણ, ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા, કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે, સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુ, ડીએમકે પાર્ટીના ત્રિરુચી શિવા, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પ્રફુલ પટેલ, એનસીપીના શરદ પવાર પક્ષના સુપ્રિયા સુલે અને આમ આદમી પાર્ટીના સંજય સિંહ, રાષ્ટ્રીય જનતા દળના પ્રેમચંદ્ર ગુપ્તા, YSRCPના મિધુન રેડ્ડી અને તૃણમૂલ કોંગ્રેસના સુદીપ બંદોપાધ્યાય બેઠકમાં ભાગ લઈ રહ્યા છે.

# J&K-PAHALGAM

જમ્મુ-કાશ્મીર પોલીસે પહેલગામ આતંકવાદી હુમલામાં સામેલ લશ્કર-એ-તૈયબાના ત્રણ આતંકવાદીઓની માહિતી આપવા માટે 60 લાખ રૂપિયાનું ઇનામ જાહેર કર્યું છે. પોલીસે જણાવ્યું હતું કે બે હુમલાખોરો, હાશિમ મુસા ઉર્ફે સુલેમાન અને અલી ભાઈ ઉર્ફે તુલ્હા ભાઈ, પાકિસ્તાની નાગરિકો તરીકે ઓળખાયા છે, જ્યારે અન્ય આદિલ હુસૈન ઠોકર, દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાનો રહેવાસી છે. પોલીસે જણાવ્યું હતું કે બાતમી આપનારાઓની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે.

# Indo-Pak Visa

પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે પાકિસ્તાની નાગરિકો માટે તાત્કાલિક અસરથી વિઝા સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. પાકિસ્તાની નાગરિકોને આપવામાં આવેલા તમામ માન્ય વિઝા પણ 27 એપ્રિલથી રદ કરવામાં આવશે. આ ઉપરાંત, પાકિસ્તાની નાગરિકોને આપવામાં આવેલા મેડિકલ વિઝા પણ 29 એપ્રિલ સુધી જ માન્ય રહેશે.

વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારતમાં હાજર તમામ પાકિસ્તાની નાગરિકોએ વિઝા પૂર્ણ થયાની તારીખ પહેલાં દેશ છોડી દેવો જોઈએ. ભારતીય નાગરિકોને પણ પાકિસ્તાનની મુસાફરી ન કરવાની સલાહ આપવામાં આવી છે. પાકિસ્તાનમાં હાજર ભારતીયોને તાત્કાલિક ઘરે પાછા ફરવાનું કહેવામાં આવ્યું છે.

# Punjab-Attari Gate Closed

પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે અટારી સરહદ બંધ કરવાનો નિર્ણય લીધો છે. જે અંતર્ગત, આજે રીટ્રીટ સમારોહ દરમિયાન પણ અટારી સરહદના ભારતીય તરફના દરવાજા ખોલવામાં આવશે નહીં. આ ઉપરાંત, પ્રોટોકોલ મુજબ, સૂર્યાસ્ત સમયે ભારતીય ધ્વજ નીચે ઉતારવામાં આવે ત્યારે સૈનિકો હાથ મિલાવશે નહીં.

દરમિયાન, આજે વિશ્વ પ્રસિદ્ધ રિટ્રીટ સમારોહ જોવા માટે અટારી-વાઘા ચેકપોસ્ટ પર આવેલા સેંકડો પ્રવાસીઓએ હુમલા પર દુઃખ વ્યક્ત કર્યું. પ્રવાસીઓએ આ માટે જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# ARMY CHIEF-J&K VISIT

પહેલગામ આતંકવાદી હુમલાના પગલે સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી આવતીકાલે જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લેશે અને આ વિસ્તારની સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરશે. સ્થાનિક સૈન્ય અને ટોચના કમાન્ડરો ખીણમાં અને નિયંત્રણ રેખા પર સેના દ્વારા લેવામાં આવેલા આતંકવાદ વિરોધી પગલાં વિશે સેના પ્રમુખને માહિતી આપશે.

# President-Amit Shah

ગૃહ મંત્રી અમિત શાહ અને વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે બપોરે રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી હતી. આ બેઠક પહેલગામ આતંકવાદી હુમલા અને તેના જવાબમાં ભારત દ્વારા લેવામાં આવેલા કડક પગલાં પછી થઈ હતી. દરમિયાન, વિદેશ મંત્રાલયે આજે દિલ્હીના સાઉથ બ્લોકમાં પહેલગામ આતંકવાદી હુમલા અંગે પસંદગીના દેશોના રાજદૂતોને માહિતી આપી. આ બેઠકમાં જર્મની, જાપાન, પોલેન્ડ અને રશિયાના રાજદૂતો હાજર રહ્યા હતા.

# abir gulal banned

પાકિસ્તાની અભિનેતા ફવાદ ખાનની ફિલ્મ અબીર ગુલાલ ભારતમાં પ્રદર્શિત કરવામાં નહીં આવે. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અંગે દેશવ્યાપી આક્રોશને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હોવાની પુષ્ટિ સૂત્રોએ કરી છે. આરતી એસ બાગડી દ્વારા દિગ્દર્શિત ફિલ્મ અબીર ગુલાલ આવતા મહિનાની ૭મી તારીખે સિનેમાઘરોમાં પ્રદર્શિત થવાની હતી.

# Nadda - Measles-Rubella Campaign

કેન્દ્રીય આરોગ્ય મંત્રી, જે પી નડ્ડાએ આજે વિશ્વ રસીકરણ સપ્તાહના પ્રથમ દિવસે નવી દિલ્હીમાં વર્ષ 2025-26 માટે ઓરી-અછબડા નાબૂદી અભિયાનનો પ્રારંભ કરાવ્યો. આ અભિયાનનો લક્ષ્યાંક 2026 સુધીમાં દેશમાંથી ઓરી અને અછબડાને સંપૂર્ણપણે નાબૂદ કરવાનો છે. આ પ્રસંગે તેમણે કહ્યું કે આ મિશન માત્ર એક ઝુંબેશ નથી પરંતુ દેશના કરોડો બાળકોના જીવનધોરણને સુધારવાનું મિશન છે. તેમણે રાજ્યોને ઓરી અને અછબડા રસીકરણ અંગે જાગૃતિ ફેલાવવા માટે તમામ ધારાસભ્યો, સાંસદો, સ્થાનિક સંસ્થાઓ અને પંચાયતના વડાઓને સામેલ કરવા પણ હાકલ કરી.

ઓરી અને અછબડા ખતરનાક ચેપી રોગો છે. સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ હેઠળ, નવ થી બાર મહિના અને સોળ થી ચોવીસ મહિનાના તમામ બાળકોને ઓરી અને અછબડા રસીના બે ડોઝ મફતમાં આપવામાં આવે છે.

# Maharashtra-Steel Industry

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારતનો સ્ટીલ ઉદ્યોગ તેના ભવિષ્ય વિશે નવા આત્મવિશ્વાસથી ભરેલો છે. રાષ્ટ્રીય સ્ટીલ નીતિ હેઠળ નિર્ધારિત મહત્વાકાંક્ષી લક્ષ્યાંકો વર્ષ 2030 સુધીમાં દેશના સ્ટીલ ઉત્પાદનને 30 કરોડ ટન સુધી વધારવાનો છે. શ્રી મોદીએ આજે મુંબઈમાં સ્ટીલ પર છઠ્ઠા આંતરરાષ્ટ્રીય પ્રદર્શન અને પરિષદનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું.

**(BYTE : PM MODI ON STEEL INDUSTRY)**

પ્રધાનમંત્રીએ શૂન્ય સ્ટીલ આયાતનું લક્ષ્ય રાખવા અને ચોખ્ખી નિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે ભારત હાલમાં 2 કરોડ 50 લાખ ટન સ્ટીલ નિકાસ કરવાના લક્ષ્ય તરફ કામ કરી રહ્યું છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે ભારતનું લક્ષ્ય 2047 સુધીમાં સ્ટીલ ઉત્પાદન ક્ષમતા 50 કરોડ ટન સુધી વધારવાનું છે. તેમણે દેશના યુવાનો માટે વધુ રોજગારીની તકો ઊભી કરવા માટે ઉત્પાદન, સંશોધન, વિકાસ અને ટેકનોલોજી વિકાસમાં સહયોગ પર પણ ભાર મૂક્યો હતો. વણવપરાયેલી ગ્રીનફિલ્ડ ખાણોના મુદ્દાને સંબોધવાના મહત્વ પર બોલતા, શ્રી મોદીએ કહ્યું કે છેલ્લા દાયકામાં નોંધપાત્ર ખાણકામ સુધારા હાથ ધરવામાં આવ્યા છે.

# IPL

આઇપીએલ ટી-20 ક્રિકેટમાં, રાજસ્થાન રોયલ્સે, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે. બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે ચાલી રહેલી મેચમાં છેલ્લાં અહેવાલ પ્રમાણે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ 5 ઓવરમાં વિના વિકેટ ગુમાવીને 51 રન કર્યા છે.

# JAISHANKAR - GERMANY

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજે નવી દિલ્હીમાં જર્મન ચાન્સેલરના વિદેશ અને સુરક્ષા નીતિ સલાહકાર જેન્સ પ્લેટનરને મળ્યા. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં, ડૉ. જયશંકરે કહ્યું કે તેઓ ભારતમાં તાજેતરના આતંકવાદી હુમલા પર જર્મનીના એકતાના અભિવ્યક્તિની પ્રશંસા કરે છે. વિદેશ મંત્રીએ ભારત-જર્મની સંબંધોમાં તેમના અપાર યોગદાન બદલ તેમનો આભાર માન્યો.